પાકિસ્તાને ભારતના વકફ કાયદાની ટીકા કરી: ભારતનો સણસણતો જવાબ

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે વકફ સુધારા કાયદો ભારતીય મુસ્લિમોના અધિકારો પર તરાપ મારનારો

ભારતીય વિદેશ મંત્રાલયે આ ટિપ્પણીને પાયાવિહોણી ગણાવી કહ્યું કે પહેલા તમારો રેકર્ડ તપાસો

ઈસ્લામાબાદ, નવી દિલ્હી, તા. ૧૫: પાકિસ્તાનની વિદેશ કચેરીના પ્રવકતા શફાકત ખાને ભારતના વકફ સુધારા કાયદાની ટીકા કરીને આ કાયદાને ભારતીય મુસ્લિમોના અધિકારો પર તરાપ મારનારો ગણાવ્યો હતો. ભારતે આ ટીકાને પાયાવિહોણી ગણાવીને ફગાવી દઈને પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી.

શફાકત ખાને કહ્યું હતું કે ભારતમાં વકફ કાયદામાં ફેરફાર કરનાર વકફ સુધારા કાયદો એ ભારતના મુસ્લિમોના ધાર્મિક અને આર્થિક અધિકારો પર તરાપ મારનારો છે. આ ભેદભાવભર્યો કાયદો પસાર થયો તે ભારતમાં વધતા બહુમતિવાદનું પણ પ્રતિબિંબ પાડે છે.

એવી ગંભીર શંકાઓ છે કે આ કાયદો ભારતના મુસ્લિમોને વધુ હાંસિયામાં ધકેલી દેવામાં ફાળો આપશે એમ ખાને કહ્યું હતું.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવકતાની આ ટિપ્પણીને હેતુપૂર્વકની અને પાયાવિહોણી ગણાવીને ફગાવી દેતા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે આ બાબતે ટિપ્પણી કરવાનો પાકિસ્તાનને કોઈ અધિકાર નથી, જ્યારે આ બાબત ભારતની આંતરિક બાબત છે. અને આ હેતુપૂર્વકની અને પાયાવિહોણી ટિપ્પણીઓને સખત રીતે ફગાવી દઈએ છીએ એમ જયસ્વાલે કહ્યું હતું. જ્યારે લઘુમતિઓના અધિકારોના રક્ષણની બાબત છે ત્યારે પાકિસ્તાન અન્યોને ઉપદેશ આપવાને બદલે પોતાનો ખરાબ રેકર્ડ જુએ તે બહેતર રહેશે એમ પ્રવકતાએ કહ્યું હતું.

વકફ સુધારા કાયદા સામેની અરજીઓની આજથી સુપ્રીમમાં સુનાવણી થઇ શકે

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઇ): વકફ (સુધારા) કાયદા, ૨૦૨૫ની બંધારણીય વૈધતાને પડકારતી અરજીઓના સમૂહની સુનાવણી સુપ્રીમ કોર્ટ બુધવારે હાથ ધરે તેવી શક્યતા છે. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમાર અને કે વી વિશ્વનાથનની બનેલી ત્રણ જજોની બેન્ચે અત્યાર સુધીમાં આ મુદ્દા પર 10 અરજીઓ સુનાવણી માટેના લિસ્ટ પર મૂકી છે. આ અરજીઓમાં એઆઇએમઆઇએમના સાંસદ અસદુદ્દીન ઓવૈસી, એસોસીએશન ફોર ધ પ્રોટેક્શન ઓફ સિવિલ રાઇટ્સ, મૌલાના અર્શદ મદની, સમસ્થ કેરાલા જમિયથુલ ઉલેમા તથા રાજદના નેતા મનોજ કુમાર ઝા અને કેટલાક ખાનગી અરજદારોની અરજીઓનો સમાવેશ થાય છે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં ઘણી નવી અરજીઓ દાખલ કરવામાં આવી, જે હજુ સુધી સૂચિબદ્ધ નથી, જેમાં ટીએમસી સાંસદ મહુઆ મોઇત્રા, સંભલના સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બર્ક દ્વારા દાખલ કરાયેલી અરજીઓનો સમાવેશ થાય છે. આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઇ), તમિલગા વેત્રી કઝગમના વડા અને અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયે પણ આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કેન્દ્ર સરકારે પણ આ મામલે એક કેવિયેટ ફાઇલ કરી છે.

ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્તના ક્રુસિફિકેશન અને પુનરુત્થાનની ઉજવણીમાં ઇસ્ટરના પવિત્ર સપ્તાહની ઉજવણી કરે છે જેની અહીં ખૂબ ધામધૂમથી ઉજવણી થાય છે.

પેજ 3

કેએલ રાહુલ અને સસરા સુનીલ શેટ્ટીએ મુંબઈ નજીક રૂ. 9.85 કરોડમાં 7 એકર જમીન ખરીદી

મુંબઈ, તા. 15: સ્ક્વેર યાર્ડ્સ દ્વારા પ્રાપ્ત મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, ક્રિકેટર કેએલ રાહુલ અને બોલીવુડ અભિનેતા સુનીલ શેટ્ટીએ સંયુક્ત રીતે મુંબઈ નજીક થાણે પશ્ચિમમાં ઓવલેમાં રૂ. 9.85 કરોડમાં સાત એકર જમીન ખરીદી છે. મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, આ વ્યવહારમાં 30 એકર અને 17 ગૂંઠાના મોટા પાર્સલમાં સાત એકર અવિભાજિત જમીનનો સમાવેશ થાય છે. દસ્તાવેજો દર્શાવે છે કે, આ વ્યવહારમાં રૂ. 68.96 લાખની સ્ટેમ્પ ડ્યુટી અને

રૂ. 30,000 નોંધણી ચાર્જ વસૂલવામાં આવ્યા હતા. આ વ્યવહાર 20 માર્ચ, 2025ના રોજ નોંધાયેલ હતો.

સલમાનને ધમકી આપનારો વડોદરાનો માનસિક બીમાર શખ્સ નીકળ્યો

વડોદરા/મુંબઈ, તા. ૧૫ (પીટીઆઈ) : અભિનેતા સલમાન ખાનને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી આપનાર એક વ્યક્તિ ગુજરાતના વડોદરા જિલ્લાના એક ગામમાંથી મળી આવ્યો છે અને તે માનસિક રીતે અસ્થિર હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું. મુંબઈ પોલીસે સોમવારે ૨૬ વર્ષીય મયંક પંડ્યાની ધરપકડ કરી હતી અને તેને નોટિસ ફટકારીને જરૂર પડ્યે હાજર થવાનું કહ્યું હતું. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, વડોદરાના વાઘોડિયા તાલુકાના એક ગામનો રહેવાસી આરોપીની ધરપકડ કરવામાં આવી નથી. મુંબઈ ટ્રાફિક પોલીસની વોટ્સએપ હેલ્પલાઇનને રવિવારે એક સંદેશ મળ્યો હતો, જેમાં મોકલનાર વ્યક્તિએ સલમાન ખાનની કારને બોમ્બથી ઉડાવી દેવાની અને તેના ઘરમાં ઘૂસીને વાય-પ્લસ-પ્રોટેક્ટી પર હુમલો કરવાની ધમકી આપી હતી. ત્યાર બાદ મુંબઈની વર્લી પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૨)(૩) (ગુનાહિત ધાકધમકી) હેઠળ તે સમયે અજાણ્યા વ્યક્તિ સામે કેસ નોંધ્યો હતો અને બાંદ્રા વિસ્તારમાં ખાનના નિવાસસ્થાનની બહાર સુરક્ષા કડક બનાવી હતી.

એર ઇન્ડિયાએ વીર દાસની પત્નીને વ્હીલચેર ન આપી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ) : હાસ્ય કલાકાર-અભિનેતા વીર દાસે મંગળવારે કહ્યું હતું કે, એર ઇન્ડિયાએ તેમની પત્ની માટે વ્હીલચેર પૂરી પાડી ન હતી, જે ફ્રેક્ચર પગમાંથી સાજી થઈ રહી હતી.

જોકે, એરલાઇનની પ્રણામ સેવા પર તે પહેલાથી બુક કરાઈ હતી. જવાબમાં તાતાની માલિકીની એર લાઇનના પ્રવક્તાએ સ્વીકાર્યું કે, હાસ્ય કલાકારનો અનુભવ અપેક્ષાઓ મુજબ ન હતો અને નોંધ્યું કે તેમની પત્ની શિવાની માથુરને

વ્હીલચેર પૂરી પાડવામાં વિલંબ થયો હતો, ઇનકાર કર્યો ન હતો.

89 વર્ષની ઉંમરે ધર્મેન્દ્રએ જિમમાં ફિટનેસ બતાવી

મુંબઈ, તા. 15: આ દિવસોમાં સુપરસ્ટાર ધર્મેન્દ્ર ફિલ્મોથી દૂર છે અને પોતાના ગામમાં દેશી જીવન જીવી રહ્યા છે. ૮૯ વર્ષની ઉંમરે પણ ધર્મેન્દ્ર પોતાના આહાર અને ફિટનેસનું ખાસ ધ્યાન રાખે છે. આ સાથે, આ પીઢ અભિનેતા સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય છે અને પોતાના ચાહકો સાથે જોડાયેલા રહે છે. ધર્મેન્દ્રએ હવે ફરી એકવાર પોતાનો લેટેસ્ટ વીડિયો શેર કર્યો છે જે વધુ ને વધુ વાયરલ થઈ રહ્યો છે. ધર્મેન્દ્રના આ વીડિયો વિશે વાત કરીએ તો તે જિમમાં બેસીને પોતાની ફિટનેસ બતાવી રહ્યા છે.

સૈફ અલી ખાન હુમલા કેસમાં ટ્વિસ્ટ, અભિનેતાના ઘરમાંથી મળેલા 20 ફિંગરપ્રિન્ટમાંથી ફક્ત 1 જ આરોપી સાથે મેચ

મુંબઈ, તા. 15: સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં નવો વળાંક આવ્યો છે. મુંબઈ પોલીસે તાજેતરમાં આ કેસમાં 1000 પાનાંની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટ મુજબ, પોલીસ અને ફોરેન્સિક ટીમને અભિનેતાના ઘરેથી મળેલા ફિંગરપ્રિન્ટ્સ આરોપી શરીફુલના ફિંગરપ્રિન્ટ્સ સાથે મેળ ખાતા નથી. એવું કહેવાય છે કે, સૈફ અલી ખાનના ઘર પર થયેલા હુમલા બાદ પોલીસે 20 ફિંગરપ્રિન્ટ્સ જપ્ત કર્યા હતા, જે રાજ્ય સીઆઈડી ફિંગરપ્રિન્ટ બ્યુરોને મોકલવામાં આવ્યા હતા.

દિવ્યાંકા ત્રિપાઠી અને વિવેક દહિયા છૂટાછેડા લેશે?

મુંબઈ, તા. 15: છેલ્લા કેટલાક દિવસોથી એવા અહેવાલો આવી રહ્યા છે કે, ટેલિવિઝનની સૌથી પ્રખ્યાત અભિનેત્રીઓમાંની એક દિવ્યાંકા ત્રિપાઠી અને તેના પતિ અને અભિનેતા વિવેક દહિયા નવ વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. શરૂઆતમાં બંનેએ મૌન જાળવી રાખ્યું હતું, પરંતુ હવે વિવેકે આખરે પોતાનું મૌન તોડ્યું છે. તાજેતરમાં વિવેકે મુંબઈમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી જ્યાં તેમને તેમના લગ્ન જીવનની આસપાસ ચાલી રહેલી અટકળો વિશે પૂછવામાં આવ્યું હતું.

યુપીના અનેક જિલ્લાઓમાં બોમ્બની ધમકીના ઈમેઈલ્સથી ભય

રામ મંદિર પર હુમલાની ચેતવણી આપતો ધમકીભર્યો ઇમેઇલ, અયોધ્યા પોલીસે કેસ નોંધ્યો

લખનૌ, તા. ૧૫ (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના અનેક જિલ્લા કલેક્ટર કચેરીઓમાં બોમ્બની ધમકીના ઈમેઈલ્સની મોકલવામાં આવ્યા બાદ મંગળવારે સુરક્ષા એલર્ટ જાહેર કરાયું હતું, જેના કારણે ઈમારતો ખાલી કરાવવામાં આવી હતી અને બોમ્બ સ્કવોડ દ્વારા વ્યાપક શોધખોળ કરવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ડિજીટલ અરેસ્ટ કરતી ટોળકી પર સીબીઆઈના 12 સ્થળોએ દરોડા, 4ની ધરપકડ

આરોપીઓએ 42 હપ્તામાં કુલ રૂ. 7.67 કરોડની ખંડણી લીધી હતી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): ડિજીટલ અરેસ્ટ કૌભાંડ ચલાવતા સિન્ડિકેટ પર મોટી કાર્યવાહીમાં, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) 12 સ્થળોએ દરોડા પાડીને 4 લોકોની ધરપકડ કરી હતી, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

આ કાર્યવાહીને 'ઓપરેશન ચક્ર-5' ગણાવતા, તેમણે જણાવ્યું હતું કે સીબીઆઈએ રાજસ્થાન સરકારની વિનંતી પર નોંધાયેલા ડિજીટલ અરેસ્ટ કેસના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા, જેમાં ઉત્તર પ્રદેશના મુરાદાબાદ અને મુંબઈમાંથી બે-બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપ છે કે ધરપકડ કરાયેલા આરોપીઓએ 42 હપ્તામાં કુલ રૂ. 7.67 કરોડની ખંડણી લીધી હતી. પીડિતને સાયબર ગુનેગારો દ્વારા ત્રણ મહિનાથી વધુ સમય માટે ડિજીટલ રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો, તેમણે પોતાને વિવિધ કાયદા અમલીકરણ સંસ્થાઓના અધિકારીઓ તરીકે પોતાને રજૂ કર્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. 'ડિજીટલ અરેસ્ટના કેસોની તપાસમાં સીબીઆઈ બહુપક્ષીય અભિગમ અપનાવી રહી છે, જેમાં આવા ગુનાઓ પાછળના માળખાને તોડી પાડવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે', એમ સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે સીબીઆઈએ હાલના મહિનાઓમાં ડિજીટલ ધરપકડના ઘણા કેસ નોંધ્યા છે.

એજન્સીએ રાજસ્થાન કેસ હાથમાં લીધા બાદ વ્યાપક ડેટા વિશ્લેષણ કરીને ઊંડાણપૂર્વક તપાસ કરી હતી.

સીબીઆઈએ ગુનેગારોને ઓળખવા માટે એડવાન્સ તપાસ તકનીકોનો ઉપયોગ કર્યો હતો. તપાસ દરમિયાન મળેલી લીડ્સના આધારે, સીબીઆઈએ ઉત્તર પ્રદેશના મુરાદાબાદ અને સંભલ, પશ્ચિમ બંગાળના કૃષ્ણનગર, મુંબઈ અને જયપુરમાં 12 સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેના પગલે આ ઊચ્ચ સંગઠિત ટોળકીમાં સામેલ ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી', એમ તેમણે કહ્યું હતું.

દેશમાં દર દસ લાખની વસ્તી સામે માત્ર ૧૫ ન્યાયાધીશો

ભારતની અદાલતી પ્રણાલી પરનો અહેવાલ

અમેરિકામાં આ પ્રમાણ ૧૫૦નું અને યુરોપમાં ૨૨૦નું છે, ઓછા સંખ્યાબળના કારણે જજો પર ભારે કાર્યભારણ આવે છે

રાષ્ટ્રીય સ્તરે જિલ્લા અદાલતોમાં જજ દીઠ ૨૨૦૦ કેસનું કાર્યભારણ

નવી દિલ્હી, તા. ૧૫(પીટીઆઈ): આજે જાહેર કરાયેલા ભારતની ન્યાયિક વ્યવસ્થા પરના 2025ના અહેવાલમાં જણાવાયું છે કે દેશમાં દર દસ લાખની વસ્તીએ ફક્ત 15 ન્યાયાધીશો છે, જે કાયદા પંચની દર મિલિયન વસ્તીએ 50 ન્યાયાધીશોની ભલામણથી ઘણી દૂરનો આંકડો છે.

તેનાથી વિપરીત, જાન્યુઆરી 2024ના ન્યૂ યોર્ક ટાઈમ્સના સમાચાર અહેવાલ મુજબ, અમેરિકામાં દર દસ લાખની વસ્તીએ 150 ન્યાયાધીશો છે, અને ઓક્ટોબર 2024ના કાઉન્સિલ ઓફ યુરોપના અહેવાલ મુજબ, યુરોપમાં 2022માં દર મિલિયન વસ્તીએ સરેરાશ 220 જજો હતા. ૧.૪ અબજ લોકો માટે, ભારતમાં ૨૧,૨૮૫ ન્યાયાધીશો છે, અથવા પ્રતિ મિલિયન વસ્તી દીઠ આશરે ૧૫ ન્યાયાધીશો છે. આ ૧૯૮૭ના કાયદા પંચની પ્રતિ મિલિયનની વસ્તી દીઠ ૫૦ ન્યાયાધીશોની ભલામણ કરતાં ઘણું ઓછું છે એમ ૨૦૨૫ના ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટમાં જણાવાયું છે, જે દેશમાં ન્યાય અપાવાના સંદર્ભમાં રાજ્યોને રેન્ક આપે છે. જ્યારે હાઈકોર્ટમાં ખાલી જગ્યાઓ કુલ મંજૂર સંખ્યાના ૩૩ ટકા હતી, ત્યારે રિપોર્ટમાં ૨૦૨૫માં ૨૧ ટકા ખાલી જગ્યાઓ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, જે હાલ કાર્યરત જજો પર વધુ પડતા કાર્યભારણનો સંકેત આપે છે. રાષ્ટ્રીય સ્તરે, જિલ્લા અદાલતોમાં, પ્રતિ ન્યાયાધીશ સરેરાશ 2,200 કેસનું કાર્યભારણ છે.

ડુક્કરના લીવરનો ઉપયોગ ડાયાલિસીસ જેવી સારવાર માટે કરવાના પરીક્ષણને FDAની મંજૂરી

લીવર ફેલ્યોરના દર્દીનું લીવર રીજનરેટ થાય ત્યાં સુધી ડુક્કરના લીવર વડે તેના લોહીને ફિલ્ટર કરવાના પ્રયોગ થશે

વોશિંગ્ટન, ૧૫ એપ્રિલ (એપી): અમેરિકી સંશોધકો ટૂંક સમયમાં પરીક્ષણ કરશે કે શું જીન એડિટેડ ડુક્કરના લીવર વડે અચાનક લીવર ફેલ્યોરવાળા લોકોની સારવાર થઈ શકે છે કે કેમ? જે તેમના લોહીને અસ્થાયી રૂપે ફિલ્ટર કરે જેથી તેમનું પોતાનું અંગ આરામ કરી શકે અને કદાચ સાજા થઈ શકે.

ડુક્કર ઉછેર કંપની ઈજેનેસિસના જણાવ્યા અનુસાર અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા આ પ્રકારની પ્રથમ ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપવામાં આવી છે. અમેરિકામાં અંદાજે ૩૫,૦૦૦ લોકો દર વર્ષે જ્યારે તેમનું લીવર અચાનક ફેલ થાય છે ત્યારે હોસ્પિટલમાં દાખલ થાય છે. સારવારના વિકલ્પો ઓછા છે અને મૃત્યુદર ૫૦ ટકા જેટલો ઊંચો છે.

ઘણા લોકો લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે લાયક નથી હોતા અથવા સમયસર અનુકૂળ લીવર મેળવી શકતા નથી. આ વસંતઋતુના અંતમાં શરૂ થવાની ધારણા છે તે નવો અભ્યાસ, પ્રાણીના અંગના માનવમાં પ્રત્યારોપણની શોધમાં એક વળાંક છે. સંશોધકો ડુક્કરના યકૃતનું પ્રત્યારોપણ કરશે નહીં પરંતુ તેને અભ્યાસમાં ભાગ લેનારાઓમાં બાહ્ય રીતે જોડશે. લીવર એકમાત્ર અંગ છે જે પુનર્જીવિત થઈ શકે છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું ડુક્કરના યકૃત દ્વારા દર્દીના લોહીને ઘણા દિવસો સુધી ફિલ્ટર કરવાથી તેને પુનર્જિવીત થવાની તક મળી રહે છે કે કેમ? તે માટે આ અભ્યાસ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે આ ટ્રાયલમાં ઈન્ટેન્સિવ-કેર યુનિટમાં 20 દર્દીઓને દાખલ કરવામાં આવશે જેઓ લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે લાયક નથી. બ્રિટનના ઓર્ગેનૉક્સ દ્વારા બનાવેલ એક ઉપકરણ, જે હાલમાં દાન કરાયેલા માનવ લીવરને સાચવવા માટે વપરાય છે, તે આ પ્રયોગના સહભાગીઓના લોહીને ડુક્કરના લીવરમાં પમ્પ કરશે.

અમેરિકાના ઊંચા ટેરિફ સામે ચીને બોઈંગ જેટ વિમાનોની ડિલીવરી ન લેવાના નિર્દેશ આપ્યા

ચીની એરલાઈન્સોને અમેરિકી કંપનીઓ પાસેથી વિમાનના પાર્ટ્સની ખરીદી બંધ કરવા પણ કહેવાયું

ચીને અમેરિકાને સાત કિંમતી ધાતુઓની નિકાસ પર પણ રોક લગાવી

નવી દિલ્હી, તા. 15: ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધમાં નોંધપાત્ર વધારો થતાં બીજિંગે તેની એરલાઈન્સને બોઈંગ વિમાનોની ડિલિવરી ન લેવાનો નિર્દેશ આપ્યો છે, કારણ કે અમેરિકાએ ચીની માલ પર 145 ટકા સુધીનો ભારે ટેરિફ લાદ્યો છે.

એક અહેવાલ મુજબ, બીજિંગે ચીની એરલાઈન્સોને અમેરિકી કંપનીઓ પાસેથી વિમાન સંબંધિત સાધનો અને પાર્ટ્સની ખરીદી બંધ કરવા પણ કહ્યું છે. બીજિંગે વોશિંગ્ટન દ્વારા ટેરિફ લાદવાને ગેરકાયદેસર 'હેરાનગતિ' ગણાવીને ઉગ્ર પ્રતિક્રિયા આપી છે અને વધુ વધારાને અર્થહીન ગણાવીને ફગાવી દીધા છે.

ચીન દ્વારા ઓર્ડર અટકાવતાં બોઈંગના શેરમાં ઘટાડો નોંધાયો હતો. અહેવાલ મુજબ, આ પગલું દ્વિપક્ષીય સંબંધોમાં વધતા તણાવને દર્શાવે છે અને બોઈંગને મોટો ફટકો પહોંચ્યો છે, જે મુખ્ય બજાર તરીકે ચીન પર આધાર રાખે છે જ્યાં હરીફ એરબસ પ્રભુત્વ ધરાવે છે. બોઈંગના શેર પ્રીમાર્કેટ ટ્રેડિંગમાં 3 ટકા નીચે હતા. વિમાન સંબંધિત સાધનો અમેરિકી કંપનીઓ પાસે ન ખરીદવાના ચીનના નિર્ણયથી ત્યાં વિમાનના સંચાલન માટેનો જાળવણી ખર્ચ વધી જશે.

આ ઉપરાંત ચીને અમેરિકાને સાત કિંમતી ધાતુઓની (રેર અર્થ મેટેરિયલ) નિકાસ પર પણ રોક લગાવી છે.

ચીને કાર, ડ્રોનથી લઈને રોબોટ અને મિસાઈલોને એસેમ્બલ કરવા માટે જરૂરી ચુંબકની શિપમેન્ટ પણ ચીની બંદરો પર અટકાવી છે.

સહારા ગ્રુપ સામેના કેસમાં ઈડીએ લોનાવાલામાં એમ્બી વેલી જપ્ત કરી

નવી દિલ્હી, ૧૫ (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે જણાવ્યું હતું કે, તેણે સહારા ગ્રુપ સામે મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે મહારાષ્ટ્રના લોનાવાલામાં 707 એકરમાં ફેલાયેલ વૈભવી એમ્બી વેલી સિટી અને તેની આસપાસની મનોહર જગ્યા જપ્ત કરી છે, જેની કિંમત 1,460 કરોડ રૂપિયા છે. પુણે જિલ્લામાં સહ્યાદ્રી પર્વતમાળાઓમાં વસેલા આ રહેણાક અને મનોરંજન શહેરને તેના નિર્માતાઓ દ્વારા એક સમયે ભારતનું પ્રથમ આયોજિત હિલ સિટી તરીકે ઓળખવામાં આવતું હતું, જેમાં પ્રીમિયમ રહેવા માટે મોટા ગોલ્ફ કોર્સ, તળાવો, વિલા, ચેલેટ અને કોટેજ છે. એજન્સીએ જણાવ્યું હતું કે, સહારા ઈન્ડિયા અને તેની ગ્રુપ કંપનીઓના કેસમાં લોનાવાલાના એમ્બી વેલી સિટી અને તેની આસપાસની કુલ 707 એકર જમીન જપ્ત કરવામાં આવી છે, જેની અંદાજિત બજાર કિંમત રૂ. 1,460 કરોડ છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

લોન ખાતા નંબર	દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ	ગીરવે મુકેલી સ્થાઈ મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસની બાકી રકમ	કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ
૧૩૭૦૨૭૯૬, ૨૮૧૮૬૬૬૮ અને ૩૪૮૮૧૯૯૪	૧. મૈરવલાલ મોહનલાલ પ્રજાપતિ ૨. મોહનલાલ પ્રજાપતિ ૩. તિરૂપતી માર્કેટીંગ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે પ્લોટ નં.૧ ની જગ્યા માપ ૧૨૪૬૦ એટલે કે ૬૬.૯૬ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૪૫/૫ પૈકી બ્લોક નં. ૪ મોજે/ગામ લિંબાયત, સીટી સુરત, જી.સુરત,ગુજરાત–૩૯૪૨૧૦ જેની **ચતુર્દિશા : પૂર્વ :** ૨૦ ફુટ ની જગ્યા, **પશ્ચિમ :** પ્લોટ નં.૨, **ઉત્તર :** ૨૦ ફુટ રોડ અને રેવન્યુ સર્વે નં–૪૧, **દક્ષિણ :** ૩૦ફુટ ની જગ્યા આવેલ છે.	૨૮.૧૨.૨૦૨૪	રૂ. ૩૨,૮૩,૮૦૫,૮૧/–	૦૯.૦૪.૨૦૨૫ સાંકેતિક કબજો
૩૯૬૫૭૧૩૧ અને ૩૯૬૫૭૦૬૫	૧. આકાશ દાસ ૨.ટીંકુ સુશાંત દાસ ૩. સુશાંતોકુમાર દાસ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી જમીન કે જે ગાર્ડન સીટી વિભાગ–૨ તરીકે ઓળખાતી સ્કીમ નો પ્લોટ નં. ૧૮૯ માપ આશરે ૪૮ ચો વાર પ્લોટ નુ માંપ તેના પર થયેલ બાંધકામ અને ૨૬.૩૪, ચો મિટર ના વણવહેચાયેલ રોડ અને સીઓપી ના હિસ્સા સહિત જમીન નો બ્લોક–૮૮ અને કે.જે.પી બ્લોક નં.૮૮/એ/૧૮૯ મોજે જોલવા તા. પલસાણા રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અને સબડીસ્ટ્રીકટ સુરત, ગુજરાત–૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ :** જોડે નો પ્લોટ નં.૧૫૦, **પશ્ચિમ :** જોડે નો આતંરીક સોસાયટી રોડ , **ઉત્તર :** જોડે નો પ્લોટ નં–૧૮૮, **દક્ષિણ :** જોડે નો પ્લોટ નં.૧૯૦ આવેલ છે.	૨૪.૦૮.૨૦૨૪	રૂ. ૯,૧૨,૯૫૧.૮૬/–	૦૯.૦૪.૨૦૨૫ સાંકેતિક કબજો
૨૬૬૯૧૦૦૯ અને ૨૬૬૯૧૬૨૫	૧. સવિતાબેન સંજય કુમાર ૨. સંજયભાઈ એસ. કુમાર ૩. શાંતારામ બાબુભાઈ કુમાર	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી જમીન કે જે ગાર્ડન વેલી તરીકે ઓળખાતી સ્કીમ નો પ્લોટ નં. ૨૬૭ કુલ માપ આશરે ૪૬.૦૦ ચો વાર પ્લોટ નુ માંપ તેના પર થયેલ બાંધકામ અને ૨૮.૨૨ ચો મિટર ના વણવહેચાયેલ રોડ અને સીઓપી ના હિસ્સા સહિત જમીન સર્વે નં. ૭૧ બ્લોક નં. ૯૩ મોજે જોલવા તા. પલસાણા ડીસ્ટ્રીકટઃ સુરત, ગુજરાત–૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ :** જોડે નો બ્લોક નં.૯૨૯૪, **પશ્ચિમ :** જોડે નો સોસાયટી રોડ , **ઉત્તર :** જોડે નો પ્લોટ નં–૨૬૬, **દક્ષિણ :** જોડે નો પ્લોટ નં.૨૬૮ આવેલ છે.	૩૧.૧૧.૨૦૨૪	રૂ. ૯,૦૪,૫૬૬.૭૬/–	૦૯.૦૪.૨૦૨૫ સાંકેતિક કબજો

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમી